આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ : ઓનલાઈન શિક્ષણ

કોરોનાના સંક્રમણ વચ્ચે લાંબા સમયકાથી શાળાઓમાં સુનકાર : વિદ્યાર્થીઓની કોલાહલના અભાવે શાળાના બિલ્ડીંગોમાં સુનકાર : આગામી દિવસોમાં ૬૦ : ૪૦ ના રેસિયા સાથે ઓફલાઇન શિક્ષણ શરૂ કરવા વિચારણા

ગાંધીનગર તા ૬

કોરોનાના કાળચક્રએ સમગ્ર દુનિયાને બાનમાં લીધી છે. કોરોનાના લીધે અનેક ગતિવિધિઓના પૈડા થંભી ગયા છે. જેના લીધે જાહેર જીવનમાં પણ ખાલીપા અને સુસ્તીનો માહોલ જોવા મળે છે. આવા સંજોગોમાં છેલ્લા ઘણાં સમયથી શિક્ષણ કાર્ય પણ મોબાઈલના સહારે છે. આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે કોરોના ઈફેક્ટ વચ્ચે ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ થશે. શાળાઓમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો સંભળાશે નહીં. ગાંધીનગર જિલ્લાની પણ ૧૪૦૦ જેટલી શાળાઓ ઓનલાઈન શિક્ષણ આપવાની શરૂઆત કરશે. જો કે આગામી દિવસોમાં મર્યાદિત હાજરી વચ્ચે પણ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યુ છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા દોઢ વર્ષથી શાળા કોલેજોમાં શિક્ષણકાર્ય ઓનલાઈન થઈ ગયુ છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ જોવા મળતી નથી વિદ્યાર્થી વિના શાળાઓના બિલ્ડીંગોમાં પણ સુનકાર જોવા મળે છે. સવા વર્ષના અંતે પણ કોરોનાની બીજી લહેર બાદ શાળા કોલેજો ઓફલાઈન શરૂ કરવા હજુ કોઈ વિચારણા કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓ પણ ઓનલાઈન શિક્ષણના સહારે છે. આ વર્ષે તો બોર્ડની પરીક્ષા પણ રદ કરવાની ફરજ પડી છે. ધો - ૧૦ ના વિદ્યાર્થીઆને માસ પ્રમોશન આપી દેવાયા બાદ ધો - ૧૨ ની પરીક્ષા પણ રદ કરી કરવાનો નિર્ણય જાહેર કરાયો છે. ત્યારે ગુજકેટ , નીટ અને જે ઈ ઈ જેવી પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓ હજુ અસમંજસની સ્થિતિમાં છે. કોરોનાની બીજી ઘાતક લહેરના લીધે અનેકે જીવ ગુમાવ્યા છે. ત્યારે સંક્રમણ વધુ ફેલાતુ અટકાવવા માટે સરકારે અત્યાર સુધી વેપાર ધંધા માટે આંશિક છુટછાટ જ આપી હતી જો કે હવે સંક્રમણ ઘટતા ધીમે ધીમે બધુ અનલોક તરફ જઈ રહ્યુ છે. ત્યારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભનો પણ સમય થઈ ગયો છે. આવા સંજોગોમાં તા ૭ જુનથી શાળાઓ પુન : શરૂ થશે. અલબત્ત નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ ઓનલાઈન શિક્ષણના માધ્યમથી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પણ અંદાજિત ૧૪૦૦ જેટલી શાળાઓમાં ઓનલાઈન શિક્ષણનો પ્રારંભ થશે. કે જી થી લઈને ધો -૧૨ સુધીના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાની શરૂઆત થશે. કોરોના સંક્રમણના લાંબા સમયકાળથી શૈક્ષણિક આલમની રોનક ઓસરી ગઈ છે. અલબત્ત શાળાઓમાં ઓનલાઈન શિક્ષણના ટ્રેન્ડ વચ્ચે વિદ્યાર્થીઓ પણ હવે શાળાએ જવા ઉત્સુક બન્યા છે. જયારે વાલીઓ પણ વિદ્યાર્થીઓના શિક્ષણને અનુલક્ષી ચિંતિત છે. એકબાજુ પરીક્ષાઓ પણ રદ કરવાની નોબત આવી છે. ત્યારે શાળામાં અપાતુ નિયમિત શિક્ષણ પણ હવે મોબાઈલના સહારે થઈ ગયુ છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેનો પ્રત્યક્ષ સંપર્ક પણ મહત્વનો છે. તે હીસાબે પ્રત્યક્ષ શિક્ષણના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડી રહી છે. કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ આગામી દિવસોમાં ૬૦ : ૪૦ ના રેસિયો સાથે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ આપવાની શરૂઆત કરવા માટે પણ સરકારે વિચારણા કરી છે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આજે આ મામલે શાળાઓમાં પુન : ઓફલાઈન શિક્ષણ પ્રવૃતિને વેગ મળે તે માટે આયોજન કરવામાં આવી રહ્યુ હોવાનુ જણાંવ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી જોવા મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

૧૮ જૂન સુધી બાળકોને ઘરે પુસ્તકો મળી જાય તેવુ આયોજન : આજથી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે

આજથી શરૂ થતી શાળાઓમાં ''બ્રિજકોર્સ-ક્લાસ રેડીનેસ જ્ઞાનસેતુ'' એક માસ સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં કોરોનાની ત્રીજી લ્હેરના ભયના ઓથાર નીચે આજથી નવુ શૈક્ષણિક સત્ર આરંભાઈ રહ્યું છે. ગઈકાલે મોડી સાંજે શિક્ષણ વિભાગે ૧૫ જેટલી માર્ગદર્શક સૂચનાઓ સાથે આ અંગેનો પરિપત્ર જારી કર્યો છે.

સરકારે બહાર પાડેલી એસ.ઓ.પી. મુજબ સવારે ૭.૩૦ થી ૧૨ સુધી શાળાના સમય દરમ્યાન ૧૦૦ ટકા શિક્ષકોએ હાજરી આપવાની રહેશે. સરકારે તેની એસ.ઓ.પી.માં જણાવ્યુ છે કે ૧૮મી જૂન પહેલાં પાઠ્ય પુસ્તકોનું વિતરણ કાર્ય શક્ય હોય તો બાળકોના ઘરે જઈને કરવાનું રહેશે.

વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું રહેશે. ડી.ડી. ગિરનાર ટેલિવિઝન પરથી બાળકો માટેના શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે. જેનુ સમયપત્રક જીસીઈઆરટી અને મા.શિ. બોર્ડ અને ઉ.મા. શિ. બોર્ડ દ્વારા આપવામાં આવશે. આ પ્રસારણની જાણ વિદ્યાર્થીઓને થાય તે પણ જોવાનું રહેશે.

ધો. ૩ થી ૫ માટેનું સાહિત્ય સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા, ધો. ૬ થી ૮ નું સાહિત્ય જીસીઈઆરટી દ્વારા તેમજ ધો. ૧૦ અને ૧૨ નું સાહિત્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ અને ઉ.મા.શિ. બોર્ડ દ્વારા તૈયાર કરી શાળાઓ સુધી પહોંચાડવાનું રહેશે.

રાજ્યની તમામ પ્રા. શાળા અને માધ્યમિક શાળામાં પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવાની રહેશે અને પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની ડાયસમાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

દરમ્યાન ગુજરાત શાખા શિક્ષણ પરિષદની રાજ્ય ઓફિસ દ્વારા ધો. ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ''બ્રિજકોર્સ-ક્લાસ રેડીનેસ : જ્ઞાનસેતુ'' કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જ્ઞાનસેતુ મટિરિયલ્સ આજે સાંજ સુધીમાં પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તાલુકા કક્ષાએ પહોંચી જશે અને ૧૦મી જૂન સુધી તે બાળકો સુધી પહોંચે તેની વ્યવસ્થા શાળાઓએ કરવાની રહેશે.

આ ''જ્ઞાનસેતુ-બ્રિજકોર્સ'' એક મહિના સુધી ચલાવવાનો રહેશે. આ સાહિત્યના ઉપયોગને લઈ ૭, ૮, ૯ જૂન એમ ત્રિદિવસીય તાલિમનું આયોજન બાયસેગના માધ્યમથી કરવામાં આવ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક સત્રનો આરંભ બાળકોની ગેરહાજરી વચ્ચે સતત બીજા વર્ષે થઈ રહ્યો છે. આ વખતે શિક્ષણ વિભાગે બાળકોને કોઈ વિશેષ તકલીફ ના પડે તે માટે અત્યારથી જ આયોજન કર્યુ છે.

કોરોના ઈફેક્ટ સ્કુલ ડ્રેસ અને સ્ટેશનરીની દુકાનોએ પણ કોઈ ભીડ નહી

છેલ્લા સવા વર્ષથી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ આપવાનુ કાર્ય ઠપ્પ થઈ ગયુ છે. એકબાજુ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પણ બંધ છે. છેલ્લા ઘણાં સમયથી ઓનલાઈન શિક્ષણનો ટ્રેન્ડ મજબુત બન્યો છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે પણ હજુ ઓનલાઈન શિક્ષણ જ આપવાની યોજનાના લીધે શાળાઓમાં સુનકાર જોવા મળશે. જયારે શહેરના બજારોમાં પણ શૈક્ષણિક સત્રના પ્રારંભે જોવા મળતી રોનક અદ્રશ્ય છે. વિદ્યાર્થીઓના ગણવેશ , બુટ મોજા, સ્ટેશનરી અને રઈનકોટ છત્રી સહીતની જરૂરી ચીજવસ્તુઓની ખરીદીના નામે પણ મીંડુ છે. જેના લીધે ઉઘડતી શાળા કોલેજોએ પણ નગરના બજારમાં કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. સામાન્ય રીતે શાળાઓ ખુલવાની હોય ત્યારે બજારમાં વિશેષ ભીડ રહે છે. સ્કુલ ડ્રેસ તેમજ સ્ટેશનરીની દુકાનોમાં ભીડ રહે છે. અવનવા સ્કુલ બેગ્સની પણ ખરીદી વિશેષ થાય છે. પરંતુ કોરોના કાળમાં આ વસ્તુઓ જાણે બિન ઉપયોગી થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. જેના લીધે આજે શહેરના શોપિંગમાં પણ સુસ્તી જોવા મળી હતી.

જિલ્લામાં કોરોનાના ૧૦ કેસ : ગ્રામ્યમાં ૪, શહેરમાં ૬ કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ અને ગાંધીનગર શહેરમાં ૬ કેસ નોંધાયા છે. જયારે ૩૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ચારેય તાલુકામાં આજે એક-એક કેસ નોંધાયો છે. દહેગામના ખાડિયા ગામેથી, ગાંધીનગરના અડાલજ ગામેથી, કલોલના અર્બન-૨ વિસ્તારમાંથી અને માણસાના મંગલી ગામેથી કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧ ખેડૂત અને ૩ નાના વેપારીઓ છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૪૦૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૧૯૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં બે દર્દીઓ ૬૦ થી વધુ વયના અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, ૨૦, ૨૯, ૩-એ-ન્યુ, પેથાપુર અને રાયસણમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૩૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં બે મહિનામાં કોરોનાના ૫૩૪૩ કેસ નોંધાયા : ૧૬૦ બાળકો સંક્રમિત થયા હતા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં એપ્રિલ અને મે મહિના દરમ્યાન ૫૩૪૩ વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે એપ્રિલ મહિનામાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૩૩ કેસ અને મે મહિનામાં ૨૯૧૦ કેસ કોરોનાના નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ બે મહિના દરમ્યાન ૧૬૦ બાળકો પણ કોરોનાથી સંક્રમિત થયા હતા. ૨૦૦૦ થી વધુ મહિલા દર્દીઓ નોંધાઈ હતી. જ્યારે ૩૩૦૦ થી વધુ પુરૂષ દર્દીઓ નોંધાયા હતા.

જિલ્લામાં કોરોનાની બીજી લ્હેર ઘાતક હતી. પરિવારોના પરિવાર આ લ્હેરમાં સંક્રમિત થયા હતા. આ બીજી લ્હેર દરમ્યાન ઘણા બધાએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. જો કે સરકારી ચોપડે કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા ઓછી દર્શાવવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૯૦ ટકાથી ઉપર નોંધાયો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

ગાંધીનગર ઝેવિયર્સ એન્ડ કાર્મેલ સ્કૂલનો પૂર્વ વિદ્યાર્થી ભદ્રાયુ બક્ષી બન્યો વોઈસ ઓફ ગુજરાત

૩૭૦૦થી વધુ ગીતો ગાયા છે : હારમોનિયમ, તબલા, ઢોલક, નાળ પણ નવરાત્રિમાં વગાડી ગરબાની રમઝટ બોલાવી છે : રિલાયન્સ ગૃપમાં માર્કેટીંગના વાઈસ પ્રેસીડેન્ટ પદેથી નિવૃત્તિ બાદ સંગીત એ જ સાધના સ્વીકાર્યુ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સીમાડેથી સાબરમતી નદીના ખળખળ વહેતા નીર અને તેની સાથે

હારમોનિયમના સૂરોની સંગતને માણવાની મજા અનેરી હોય છે. આ સંગતનું શબ્દોમાં વર્ણન શક્ય નથી પણ અનુભૂતિનો એ આનંદ કંઈક નોખો જ હોય છે... આ શબ્દો વોઈસ ઓફ ગુજરાત બનેલા ભદ્રાયુ બક્ષીના છે.

ભદ્રાયુ બક્ષી એટલે ગાંધીનગરની સે. ૨૦ માં બેસતી સેંટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલ સ્કૂલનો પૂર્વ વિદ્યાર્થી. કોમર્સમાં ગ્રેજ્યુએશન અમદાવાદની નામાંકિત કોલેજ એચ.એ.માં કર્યા પછી ભવન્સમાંથી ડિપ્લોમા ઈન માર્કેટીંગ કર્યુ અને સર એસ.એ. શાહ કોલેજમાંથી લૉ ની ડિગ્રી મેળવી.

ભદ્રાયુ બક્ષીએ સમગ્ર રિલાયન્સ ગૃપમાં 'વિમલ' સાથે નોકરી માટે જોડાયા હતા. તેમણે ૩૭ વર્ષની લાંબી કારકિર્દીમાં રિલાયન્સ ગૃપમાં માર્કેટીંગના વાઈસ પ્રેસીડેન્ટ પદે પહોંચી નિવૃત્તિ લીધી. ભદ્રાયુને સંગીતનો શોખ તો વારસામાં જ મળ્યો છે.

તેમના પિતા વિનુભાઈ બક્ષી એ અચ્છા હારમોનિયમવાદક હતા. કાયદા વિભાગમાં નાયબ સચિવ તરીકે ફરજો બજાવતા હતા. રોજ સાંજે સંગીતની ઘરે બેઠક જામે અને તેમાં જ ભદ્રાયુ તાલીમબદ્ધ થયો. ભદ્રાયુએ નાનપણથી ઢોલક, તબલાં અને નાળ પર તેની પક્કડને મજબુતાઈ આપવાનો નિર્ણય કર્યો હતો. હારમોનિયમ વગાડવાનો પણ તેને અદ્‌ભુત શોખ છે. આ બધા જ વાજીંત્રો તેણે વગાડી એક આગવી સૂર સાધના શરૂ કરી હતી.

ગીત, ગઝલ, ગરબા અને ભજનો ગાવાની મજા એ તેને એક શ્રેષ્ઠ ગાયકના પદ સુધી લઈ ગઈ છે. ભદ્રાયુ બક્ષીએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં સ્વીકાર્યુ હતુ સંગીતે તેનામાં ભરપૂર આત્મવિશ્વાસ વધાર્યો છે તેમજ પ્રેરણાનું ચાલક બળ પણ તેના જીવનમાં સંગીત જ છે.

૩૭૦૦થી વધુ ગીતો, ગઝલો, ભજનો અને ગરબા ગાયા છે. નવરાત્રિના પર્વમાં તો તે હારમોનિયમ, ઢોલક, તબલા અને નાળ વગાડી ગરબાનો અનેરો આનંદ લૂંટવાનુ ક્યારેય ચુક્યો નથી.

ભદ્રાયુ બક્ષીના પત્ની ભાર્ગવીબેન પણ સંગીતના એટલા જ મર્મજ્ઞ છે. તેમની મોટી દિકરી ધ્વનિ જમાઈ નીલ તેમજ પૌત્ર દેવ અને દિયા પણ સંગીતના એટલા જ ચાહક છે. બીજી દિકરી ત્રિશલા વ્યવસાયે વકીલ અને જમાઈ જીત સંગીતનો જલસો માણે અને પપ્પાને સતત પ્રોત્સાહિત કરતા રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર ભાજપ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

પ્રથમ દિવસે ૨૩૭ યુનિટ્સ રક્ત એકત્ર થયું : હજુ આવતીકાલે ૭ જૂન અને ૮ જૂનના રોજ પણ બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે : શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ સહિત ભાજપના હોદ્દેદારો, અગ્રણીઓ, ઉમેદવારો અને કાર્યકર્તાઓએ રક્તદાન કર્યું

ગાંધીનગર, તા.૬

કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં થેલેસેમિયાગ્રસ્ત બાળકોની સારવારમાં સહાયરૂપ થવાના આશય સાથે 'સેવા હી સંગઠન'ના ભાવથી ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા તમામ ૧૧ વોર્ડમાં ૬, ૭ અને ૮ જૂન એમ ત્રિદિવસીય 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આજરોજ શુભારંભ કરવામાં આવ્યો હતો. રક્તદાતાઓના ઉત્સાહમાં વધારો કરવા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા વોર્ડ ન.૯ અને ૧૦ ખાતે રક્તદાન શિબિરમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય શંભુજી ઠાકોર પણ વોર્ડ ન.૯ અને ૧૦ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આજે પ્રથમ દિવસે નાગરિકોએ રક્તદાન માટે ઉત્સાહપૂર્વક ભાગ લેતા થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ૨૩૭ બોટલ રક્ત એકત્ર થયું હતું. આજરોજ ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપરાંત કેતનભાઈ પટેલ સહિત ભાજપાના સિનિયર અગ્રણીઓ, મનપા ચૂંટણીના ભાજપા ઉમેદવારઓ અને કાર્યકર્તાઓએ પણ રક્તદાન કર્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પના આયોજનમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ, સોલા સિવિલ હોસ્પિટલ તેમજ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા સહયોગ કરવામાં આવ્યો હતો.

શહેરના અન્ડર પાસનુ વાવાઝોડોમાં ધોવાણ થયા બાદ હાલ તંત્ર દ્વારા લોકાર્પણના ટુંકા ગાળામાં જ સમારકામ હાથ ધરવામાં આવ્યુ છે. અન્ડર પાસ વચાળે મુકવામાં આવેલી લોખંડની ગ્રીલ પણ તુટી જતા કોર્પોરેશન દ્વારા તેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અન્ડર પાસમાં વાહનો પસાર થતા ગ્રીલના ભાગમાં ખાડા પડી ગયા હતા. ગ્રીલ પણ કેટલાક ઠેકાણેથી ઉખડી જતા આખરે તંત્ર દ્વારા સમારકામ હાથ ધરવામાં આવ્યુ છે. રવિવારે રજાનો દિવસ હોવાથી અન્ડર પાસ પર વન વે અવરજવર ચાલુ રાખી કામગીરી કરવામાં આવી હતી.

હવે, જિલ્લા આયોજન મંડળની બેઠક માટે સરકારે નિરીક્ષકોની નિયુક્તી કરી

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં જિલ્લા આયોજન મંડળની મળતી બેઠકો માટે પણ નિરીક્ષકો નિમવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે અને રાજ્યના સાત જેટલા નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓને આ માટેના જિલ્લાની ફાળવણી પણ કરતા હુકમો જારી કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરાયેલ આ નિરીક્ષકો આયોજન મંડળની બેઠકમાં હાજરી આપશે. તેઓ માર્ગદર્શક યાદી સિવાયના કામો સંદર્ભે બેઠકમાં હાજર રહી અને માર્ગદર્શન આપશે.

રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંગે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી વિકાસના કામો મંજૂર કરવામાં આવશે આ ગ્રાન્ટની ફાળવણીની બેઠકમાં તેઓ સરકારના પ્રતિનિધિ તરીકે હાજરી આપશે.

આ નિરીક્ષકો આયોજન મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલા કામોની મુલાકાત પણ લેશે અને સમીક્ષા પણ કરી શકશે. આ નિરીક્ષકો તેમનો અહેવાલ સીધો આયોજન વિભાગના સચિવને આપશે અને તે પછી સરકારમાં તે રજુ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા આયોજન મંડળની બેઠક માટે નિરીક્ષકો નિમવાના નિર્ણયને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. જો કે નવા નાણાંકીય વર્ષમાં હજુ જિલ્લા આયોજન મંડળોની બેઠકો યોજી શકાઈ નથી.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી

● અનુસંધાન પાન-૭ પર



ટેલિફોનિક બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
મોતીગીરી રણછોડગીરી ગોસ્વામી(કુકરવાડા વાળા)
તા.૦૪/૦૬/૨૦૨૧ શુક્રવાર ના રોજ કૈલાસવાસી થયેલા છે.
પ્રભુ તેમના આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

વર્તમાન પરિસ્થિતિ ને ધ્યાન માં રાખીને ટેલીફોનીક બેસણું
તા.૦૭/૦૬/૨૦૨૧ સોમવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

નિવાસ સ્થાન : પ્લોટ No. 995/2, Sector 4 D, ગાંધીનગર

મહેશગીરી મોતીગીરી ગોસ્વામી(પુત્ર) મો. 9824036872
પૂર્ણિમા મેહેન્દ્રગીરી ગોસ્વામી(પુત્રી) મો. 9998388800
હંસા શ્યામ ગોસ્વામી ગણાત્રા(પુત્રી) મો. 9925004495
ભારતી સંદીપગીરી ગોસ્વામી(પુત્રી) મો. 9662899969
શાશ્વત મહેશ ગોસ્વામી(પૌત્ર) મો. 8320242879
મહેન્દ્રગીરી ઉમેદગીરી ગોસ્વામી(જમાઈ) શ્યામ રણછોડલાલ ગણાત્રા(જમાઈ) મો. 9925036687
સંદીપગીરી પ્રભાતગીરી ગોસ્વામી (જમાઈ) મો. 9428804438

ટચુકડી જાહેર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com